# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૪-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## મુખ્યમંત્રી-સ્વાગત કાર્યક્રમ :

રાજ્યના નાગરિકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે.સામાન્ય નાગરિકો-અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલ ૨૫મી જુલાઈએ સવારે ૮ થી ૧૧ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ,સ્વર્ણિમ સંકુલ-૨,ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

**RNU અમદાવાદ**

---

## પ્રધાનમંત્રી-મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની આગામી આવૃત્તિ માટે મળેલા સૂચનો પર ખુશી વ્યક્ત કરી છે.આ કાર્યક્રમ આ મહિનાની 28મી તારીખે રવિવારે પ્રસારિત થવાનો છે.શ્રી મોદીએ કહ્યું કે,તેઓ ઘણા યુવાનોને ખાસ કરીને

સમાજમાં પરિવર્તન લાવવાના હેતુથી કરાયેલા સામૂહિક પ્રયાસોને ઉજાગર કરતા જોઈને ખુશ છે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ :

**હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં આગામી બે દિવસમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને બે દિવસ રેડ અલર્ટ જાહેર કરાયું છે.વડોદરામાં ભારે વરસાદને કારણે આવતીકાલે તમામ શાળાઓમાં રજા જાહેર કરાઈ છે.**

ગઈકાલ સુધી કચ્છમાં પડેલ સારા વરસાદને કારણે માંડવીનું ટોપણસર તળાવ,નખત્રાણા તાલુકાના રવાપરનું તળાવ,અંજારનું સવાસર તળાવ,હાજીપીરના બુરકલ ગામનું તળાવ તથા ગઢશીશા વિસ્તારના ખારોડ ડેમ વગેરે છલકાતાં આગેવાનો દ્વારા વધાવવામાં આવ્યા હતા.તેમજ શાસ્ત્રોક્ત વિધિથી મેઘલાડુનો ભોગ ચડાવી શ્રીફળ - ચૂંદડી અર્પણ કરી મહા આરતી કરવામાં આવી હતી.ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અબડાસામાં બે દિવસ ધોધમાર વરસાદ બાદ આજે વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદે વિરામ લીધો.

જીલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી માહિતી અનુસાર,આજે સાંજે ૬ વાગ્યા સુધી કચ્છમાં ભચાઉ,રાપર,લખપત તાલુકામાં ૧-૧ મિમી તથા મુન્દ્રામાં ૭ મિમી સિવાય બાકીના તાલુકાઓમાં વરસાદે વિરામ લીધો હતો.

**RNU અમદાવાદ/કંટ્રોલ રૂમ**

---

## કચ્છની કલાકૃતિ :

ગુજરાતની મુલાકાતે આવેલા ભુતાનના રાજા અને પ્રધાનમંત્રી કચ્છની મુલાકાત લીધી હતી અને કચ્છની ઔદ્યોગિક પ્રગતિ નિહાળીને પ્રશંસા કરવા સાથે અભિભૂત બન્યા હતા.કચ્છના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્ક અને મુંદરા ખાતે અત્યાધુનિક અદાણી પોર્ટની મુલાકાત લીધી હતી.ગુજરાત પ્રવાસની યાદગીરી રૂપે મુખ્યમંત્રીએ ભૂતાનના રાજાને રોગન આર્ટની કલાકૃતિ અને ભુજોડીની શાલ ભેટ આપી હતી.કચ્છની પરંપરાગત કલાની આ ભેટ દ્વારા કચ્છની કલાને વિદેશમાં વધુ માનવંતુ સ્થાન મળ્યું છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## અવકાશ-શનિ ચંદ્રગ્રહણ :

અવકાશ અને તેની સંબંધિત પરિસ્થિતિઓમાં રસ ધરાવતા લોકોને આજે રાત્રે આકાશમાં એક દુર્લભ ખગોળીય ઘટના શનિનું ચંદ્ર ગ્રહણ જોવાની તક મળવાની છે.ખગોળશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર,ચંદ્ર શનિ અને પૃથ્વીની વચ્ચે આવશે અને પૃથ્વીના મર્યાદિત વિસ્તારમાંથી શનિને જોવામાં અવરોધ બની જશે.આજે વૈશ્વિક સ્તરે રાત્રે 11:57 વાગ્યે શરૂ થશે અને 3:57 વાગ્યે સમાપ્ત થશે. ભારતમાં તે સવારે 12:50 થી 3:10 સુધી વિવિધ સ્થળોએ જોઈ શકાય છે.અત્રે ઉલ્લેખનીય છે કે,અગાઉ આ ઘટના ભારતમાં 2 ફેબ્રુઆરી 2007ના રોજ જોવા મળી હતી.અને હવે તે સમગ્ર ભારતમાં તે 14 ઓક્ટોબરના સ્વચ્છ આકાશમાં ફરી દેખાશે.

**દુરદર્શન સમાચાર**

---

## ગાંધીધામ ચેમ્બર દ્વારા આવકાર :

ગાંધીધામ ચેમ્બરની લાંબા સમયની રજુઆતને આવકાર સાંપડતાં ભુજ-દિલ્હી ટ્રેનની અઠવાડિયામાં બે દિવસ જવા તથા બે દિવસ આવવાની સગવડતા વધારવા સાથે તેને નિયમિત કરવામાં આવતાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ધ્વારા નવી દિલ્હી સ્થિત રેલ્વે બોર્ડના ચેરપર્સન જયા વર્મા અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## ABVP –સદસ્યતા અભિયાન :

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે છાત્રલક્ષી પ્રવૃત્તિની સાથોસાથ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શિક્ષણ જીવન માટે અને જીવન રાષ્ટ્ર માટે'ના સંકલ્પ સાથે એબીવીપીએ સદસ્યતા અભિયાન શરૂ કર્યું છે.જેમાં તા.19થી 29 જુલાઈ સુધી ધો.11-12ના છાત્રો, જ્યારે 1થી 12 ઓગસ્ટ સુધી વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોના છાત્રો મળી ચાર લાખ સદસ્ય જોડવાનું આયોજન હાથ ધરાયું છે.ગુજરાત પ્રદેશ સહમંત્રી શિવરાસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યે ભાવના વિકસે અને વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રના પુન: નિર્માણમાં ભૂમિકા ભજવે તે હેતુ સાથે વિશ્વના સૌથી મોટા છાત્ર સંગઠન એબીવીપી દ્વારા વિદ્યાર્થી સદસ્યતા અભિયાન યોજાય છે.પ્રદેશભરમાં 700થી વધુ કોલેજ સંકુલમાં કારોબારીઓ અને 200 જેટલી નગર કારોબારીની ઘોષણા કરાશે.

**NP-જાગૃતિ વકીલ**

---

## પેરીસ ઓલમ્પિક :

પેરીસ ઓલમ્પિક-૨૦૨૪ નું કાઉન્ટડાઉન શરુ થઇ ગયું છે.ત્યારે ૨૬ જુલાઈ થી શરુ થઇ રહેલ પેરીસ ઓલમ્પિક રમતોત્સવમાં ભારત સહીત ૧૮૪ દેશોના એથલીટ ભાગ લેવા જઈ રહ્યા છે.

**NP-જાગૃતિ વકીલ**

---